બાલ-પ્રાર્થના

સંગ્રાહક.

કલ્યાણજી વિઠ્ઠલભાઈ.

વાંચવા લાયક પુસ્તકો.

રાષ્ટ્રગીતો:—સદ્દગત ભાઈ શ્રી રણજીતરામ વાવાભાઈની રસભરી પ્રસ્તાવના સાથે, ગુજરાત વિદ્યાપીઠે ટેક્સ્ટ તરીકે અને કેળવણી ખાતાંઓ તથા વડોદરા સ્ટેટમાં ઇનામ અને પુસ્તકાલય ખાતે મંજુર. પૃ૦ ૧૭૫ સાળ પેજી બીજી આવૃત્તિ છપાય છે. કિંમત ૦—૮—૦.

લોકગીતો:—(છપાય છે) સંગ્રાહક સદ્દગત ભાઇ રણજીતરામ વાવાભાઇ એમના વિદ્વતાભર્યા નિબંધો સાથે ૧૨૫ લોકગીતોનો સંગ્રહ પૃ૦ આશરે ૧૬૦ કિં. ૦—૧૦—૦.

મળવાનું ઠેકાણું,

સ્વદેશી વસ્તુ ભંડાર અથવા

પાટીદાર આશ્રમ—સુરત.

બાલ-પ્રાર્થના

સંગ્રહ કરી છપાવી પ્રકટ કરનાર

કલ્યાણજી વિઠ્ઠલભાઇ

પાટીદાર વિદ્યાર્થી આશ્રમ,

નાનપુરા, સુરત.

આવૃત્તિ પાંચમી. પ્રત ૪૦૦૦. કુલ પ્રત ૧૨૦૦૦.

ઇ. સ. ૧૯૨૧. સં. ૧૯૭૮.

સુરત-ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રી. પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપી.

કિંમત સવો આનો.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના:–આ સાર્વત્રિક ભાવનાવાળી બાલ–પ્રાર્થનાઓનો નાનકડો સંગ્રહ ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યો છે. પાટીદાર વિદ્યાર્થી આશ્રમમાં સવાર સાંઝ કરાતી પ્રાર્થના ઉપરથી આ સંગ્રહની પ્રેરણા થઈ છે. એનો કુટુંબ–પ્રાર્થના તરીકે પણ ઉપયોગ થાય એવી ભાવના છે. × ×

ચોથી આવૃત્તિની પ્રસ્તાવના:–

આ આવૃત્તિમાં પ્રાર્થનાઓના ત્રણ ખંડ પાડવામાં આવ્યા છે. પ્રથમ ખંડ નાનાં બાળકો માટે અને બીજો પાકી સમજનાઓ માટે છે. ત્રીજા ખંડમાં વાનગી તરીકે પ્રાર્થનાના કેટલાક સુંદર સંસ્કૃત શ્લોકો બાળકો મોઢે કરે એ હેતુથી આપવામાં આવ્યા છે. પાછલી આવૃત્તિ કરતાં આ આવૃત્તિ વધારે લોકપ્રિય નિવડશે એવી ઉમેદ છે.

આષાઢ સુદી ૪. સંવત ૧૯૭૫.

કરે રક્ષા વિપદ માહીં ન એવી પ્રાર્થના મારી;
વિપદથી ના ડરૂં કો દિ, પ્રભો ! એ પ્રાર્થના મારી.
ચહું દુ:ખ તાપથી શાંતિ ન એવી પ્રાર્થના મારી;
સહુ દુઃખો શકું જીતી, પ્રભો ! એ પ્રાર્થના મારી.
સહાયે કો ચઢે આવી, ન એવી પ્રાર્થના મારી;
તૂટે ના આત્મબળ દોરી, પ્રભો! એ પ્રાર્થના મારી.
મને છળ હાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી;
ડગું ના આત્મપ્રતીતિથી, પ્રભો એ પ્રાર્થના મારી.
પ્રભો ! તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી;
તરી જાવા ચહું શકિત, પ્રભો એ પ્રાર્થના મારી.
તું લે શિરભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી;
ઉઠાવી હું શકું સહજે, પ્રભો એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરૂં આવે, દુ:ખી અંધાર રાત્રિએ;
ન શંકા તું વિષે આવે, પ્રભો એ પ્રાર્થના મારી.

કલ્યાણજી વિઠ્ઠલભાઇ.

રવિ બાબુની "ગીતાંજલી"ના ૪થા ગીત ઉપરથી.

અનુક્રમણિકા

ખંડ—૧	પૃષ્ટ.

ખંડ—૨

ખંડ—૩

ૐ

બાલ-પ્રાર્થના

૧

પ્રભાત.

આપજો આપજો, સારૂં સઘળું મને,
હે પ્રભુ, આજ આખા દિવસમાં;
બાલ ગણી બહુ લ મારા ઉપર આણજો,
જેથી હું રહું બધો દિવસ સુખમાં.
આપજો આપજો બુદ્ધિ બહુ આપજો,
રાખજો મારૂં આ શરીર સારૂં;
આપજો આપજો સારી મતિ આપજો,
જેથી હું કામ ન કરૂં નઠારૂં.
આપજો આપજો સદ્ગુણો આપજો,
આપજો વળી બહુ શુભ વિચારો;
આપજો આપજો આપની ભક્તિ ને,
આપજો વળી મને સંગ સારો.

આપજો આપજો મીઠી વાણી મને,
રાખજો મારૂં મન ખૂબ રાજી;
સૌનું હું કામ કરૂં એવું બળ આપજો,
સૌની સેવા કરૂં જેથી ઝાઝી.
સૌથી બહુ આપજો આપ પ્રભુની કૃપા,
જેથી મળશે મને જે હું માગું;
માગ્યું નથી સારૂં જે તેહ પણ આપજો,
એટલું બોલી હું પાય લાગું.

શ્રીમદ્ ઉપેન્દ્ર.

૨

વસંતતિલકા.

નિદ્રા મહીં નહિ હતું તનભાન જ્યારે,
જેણે જુઓ પુરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરૂં રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરૂં રે.
જીવોનું પાલન કરે પ્રીતથી સદા એ,
રે જીવ કાજ રચના જગની જણાયે;

તેજસ્વી સૂર્ય શશી[1] નિત્ય પ્રકાશતારે;
દે જીવને જીવન શકિત વધારતારે;
ટાળે તિમિર[2] ગગને ભમી દિન રાત,
આરામની નથી તહીં પળ એક વાત.
થાકયો બધા દિવસના શ્રમથીજ પ્રાણી,
રાત્રિ ભલી સુખ દીએ ભર નિંદ આણી.

જો મેઘમંડળ કરે નિયમિત વૃષ્ટિ,
સંતોષ ને હરખ માંહી ફુલાઇ સૃષ્ટિ;
પૃથ્વી નસ્પતિ વડે ધન ધાન્ય આપે,
પ્રાણી તણાં કઠિન કષ્ટ અનેક કાપે.

શું આ સૃજ્યાં પવન પાવક[3] પાણી ઇશે,
પ્રાણી તણું જીવન એ ત્રણ નિત્ય દીસે;
જો ચાકરી મનુષ્યની ત્રણને દીધી છે?
શું સુખ સાધન તણી રચના કીધી છે?

આહા! પ્રભુ! મનુષને મન બુદ્ધિ આપી,
સત્તા વડી સહુ જીવો પર તેની સ્થાપી;
એવું ઈડું સહિવ[4] પાલન જે કરે છે,
તેને ભૂલી નહિ ભજે જન પાપી તે છે.

૧ ચંદ્ર. ૨ અંધકાર. ૩ અગ્નિ. ૪ રાત-દિવસ.

માગું સુબુદ્ધિ પ્રભુજી નીતિ પંથ વાળો,
ભૂલાવતા સરવ સંશય મુજ ટાળો;
જે મુજ ધર્મ ગણી કામ બધાં કરું રે,
સદ્‌ભક્તિથી પ્રભુ તણા ચરણે ઠરું રે.

મધુવચરામ.

૩

ભુજંગી.

અહો નાથ ! ઉભા અમે હાથ જોડી,
કરો રંક સામે કૃપા દૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગીએ ઇશ એ પ્રેમ તારો.
ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે,
ગઇ રાત વીતી જુઓ વાત રહેજે;
પ્રભો ! તું વિના કોણ સંભાળનારો?
અમે માગીએ ઇશ એ પ્રેમ તારો.
પશુ પક્ષી ને પ્રાણીઓ કામ લાગ્યાં,
પડી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં;

અમારી પ્રભો ! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગીએ ઇશ આ પ્રેમ તારો.
કુડાં દુઃખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો;
સુખે જાય આ આજના દિન સારો,
અમે માગીએ ઇશ આ પ્રેમ તારો.

ખબરદાર.

૪

ભુજંગી

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી,
કરૂં હું સ્તુતિ આપની શીષ નામી;
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો,
દીનાનાથ તું એક આધાર મારો.
પ્રભુ માત ને તાત છો આપ મારા,
તમે છો સદા સર્વને પાળનારા;
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ તું એક આધાર મારો.

હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તુંથી અજાણી;
કરો હે દયાળુ ક્ષમા વાંક મારો,
દીનાનાથ તું એક આધાર મારો.

અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભુ છેક થોડી;
દયા લાવીને પ્રાર્થના દીલ ધારો,
દીનાનાથ તું એક આધાર મારો.

અમે ને કુટુંબીજનો જે અમારાં,
રહીએ શરીરે સુખી સર્વ સારાં;
સદા આપજો આપ સારા વિચારો,
દીનાનાથ તું એક આધાર મારો.

નથી મેં કરી આપની કાંઇ ભક્તિ,
નથી આપના ગુણ ગાવાની શક્તિ;
દયા લાવીને દાસ દુઃખો નિવારો,
દીનાનાથ તું એક આધાર મારો.

૫

(દાસપરે દયા લાવોરે—એ રાગ)

બાળક હું છું તમારોરે, પ્રભુ પિતાજી ! બાળક૦
હેત અધિક વધારોરે પ્રભુ પિતાજી ! બાળક૦

હું તો ના તમને ભજતો, સારૂં તે ન સમજતો,
દુઃખથી પણ મને ન મારો મારોરે; પ્રભુ૦

જીભપર નથી કાબુ મારો, કરૂં હું ખોટો લવારો,
શિખવાડો બોલ સારો સારોરે; પ્રભુ૦

ઉજડ છે મારૂં અંતર, કરો ત્યાં સુંદર વાવેતર,
ખીલવો વિદ્યાનો ક્યારો ક્યારોરે; પ્રભુ૦

ઉજળું મારૂં મન કરજો, ઝગઝગતી બુદ્ધિ દેજો,
જેવો આકાશે તારો તારોરે; પ્રભુ૦

પ્રભુ ! મને બાળક જાણી હેત હૈયામાં આણી,
મસ્તક પર હાથ ધારો ધારોરે; પ્રભુ૦

શ્રીમદ્ ઉપેન્દ્ર

૬

પદ ભૈરવી કે દેશી.

અરજ સુણો અવિનાશી,
અમારી અરજ સુણો અવિનાશી—ટેક.
આપ દયાળુ અમ સૌ બાળક,
એક અમારી આશ— અમારી.

વાંક કરે બાળક તો બહુએ,
થશો ન લેશ ઉદાશ— અમારી.
ભણતર ભણવા ભેળાં થઇએ,
કરશો નહિજ નિરાશ— અમારી.

શુભ ગુણ લઇએ સહુએ સમજી,
ન રહે લેશ ત્રાશ— અમારી.
આપ શુભ મતિ સદ્ગુણ સાથે
સહુમાં થાવ સમાસ— અમારી.
નિર્મળ મનમાં નિશદિન રહીએ,
પસરે જેમ સુવાસ— અમારી.

મુખથી એવું માગી લહીએ,
અંતર થાય ઉજાસ— અમારી.
આપ તણો આધાર મળ્યાથી,
હૈયામાં છે હાશ— અમારી.
ન રહે લેશ કુધારો કદી પણ,
સુખનો થાય ન નાશ— અમારી.

'કેશવ_તિ'

૭

(સુંબોદર ગિરિજાનંદના–એ રાગ)

પ્રિય કર પ્રભુ ! પ્રણમું આપને (૨)
સ્મરી તુજ પુણ્ય પ્રતાપને. પ્રિયકર૦
બળ બુદ્ધિ વિભુ! અતિ આપી (૨)
સ્થાપો સુ ાનિ છાપને–પ્રભુ સ્થાપો. પ્રિયકર૦
દયા દૃષ્ટિ અમ ઉર વિકસાવી. (૨)
સ્ફુરાવો સમભાવને–પ્રભુ સ્ફુરાવો. પ્રિયકર૦
જનસેવાનો મંત્રજ આપી, (૨)
કર નિર્મળ અમ કાયને–પ્રભુ કર૦ પ્રિયકર૦

૮
તોટક.

પ્રભુના ચરણે શિર તો ઢળતાં,
અમ અંતર આજ પ્રફુલ્લ થતાં;
સહુ પાપ તણી પ્રભુ માફી દીજે,
શુભબુદ્ધિ બહુ અમ અંતર દે.
શુચિ-સ્નેહ[1] તણા પ્રભુ મંત્ર લીજે,
દીનઝાઝ સદા ઉરમાં ઉભરે;
પરહિત મહીં નિત જીવનની,
ઝરણી વહજો દીન બાળતણી
શુભભાવ ધરૂં, શુભ વાણી વદું,
શુભ કામ કરૂં, શુભ નામ જપું;
બળ બુદ્ધિ વળી, ધન માલ સહુ,
પરહિત મહીં ખરચું પ્રભુ હું.
તનમાં મનમાં બળસિંચન તું-
કરી દે, અમ અંતર વિકસતું;
જગતાત ! શિરે નિજ હાથ ધરો,
પછી બાળકને ભય હોય કશો ?

ઋષિપુત્ર.

1. શુદ્ધસ્નેહ.

૯

ગઝલ.

અમારા બાહુમાં બળ દે, અહોનિશ દેશહિત કરવા;
અમૂલું બુદ્ધિનું બળ દે, અંતરાં[1] દેશહિત કરવા.
અમોને ધૈર્ય ને શાંતિ, સદા દે દુઃખ સહવાને;
દયા દે ઊંડી હૃદયે તું, દીનોનાં દુઃખ દહવાને.
સતત ઉદ્યોગ દે અમને જીવનની ઉન્નતિ કરવા;
હજારો હુન્નરો દેજે, ગરીબો દુઃખ દૂર કરવા.
મુસલમાનો અને હિંદુ [illegible]માં સં[illegible] તું દેજે,
ઉડે [illegible] ને આ[illegible], [illegible]ણી આસ્થા ભરી દેજે.
ત[illegible]વી દેહના પ[illegible], સદ દે દેશના પ[illegible]વા,
ગરીબો વા અમીર માં [illegible] તું દે[illegible].
વળી [illegible]ચાર વાણી ને સદા દે ઐક્ય આચારે;
સદા દે ઇષ્ટની સિદ્ધિ, સદા ઉત્સાહ વિચારે.
દયાળુ ઇશને યાચું, અમોને સદ્ગુણો દેજે;
સદા જનસેવા એ પ્યારૂં, અમારૂં સૂત્ર તું કરજે.

મણિલાલ મોતીલાલ.

[1] અંતર.

૧૦

નાથ! શરણ હું પડ્યો હવે તમારે,
અન્ય ઓથ નથી પ્રભુ કોઈ મારે;
બુદ્ધિ આપશો સદૈવ દેવ જેવી,
ક્રિયા સર્વ હું કરી શકીશ તેવી.
ધર્મ કર્મની ન વાત લેશ જાણું;
માન મૂર્ખતા વડે મમત્વ તાણું;
પાઠ-પૂજનમાં પ્રીતિ મેં ન કીધી,
કર્મ-તાપ વડે દુષ્ટ વાટ લીધી.
દયાસિંધુ પ્રભો ઉદાર ચિત્તવાળા,
જાણતાં છતાં [illegible] પી ન ન[illegible]મનાળા!
વધુ શું કહું! હૈયાં કરે બળાપો,
દીનબંધુ કૃપાસિંધુ કષ્ટ કાપો.
દુઃખ દૂર થાય એજ ઇષ્ટ માગું,
પ્રેમથી પસારી હાથ પાય લાગું.
પાપ પુણ્યના વિચારને વિસારી,
હાથ કેશવહરિ ધારજો પધારી.

'કેશવકૃતિ'

૧૧

(મહિદીપ છંદની ચાલ)

આપ છો અનાથ નાથ, દીન હું ભિખારી;
બારણે પુકારૂં પ્રભુ ! પ્રાર્થના તમારી—આપ.
વાયુ આ પ્રચંડ વાય, હૃદયનાવ[1] ઝોક ખાય;
નાથ આપ થાવ સ્હાય લ્યો મને ઉગારી—આપ.
આપ માત, તાત, ભ્રાત સુણી એક દીન વાત;
રાખો બાળ અંક તાત, સંકટો નિવારી—આપ.
અંતરે તપે છે તાપ પીડતાં પ્રભુજી પાપ;
ટાળશો સંતાપ આપ, પ્રાર્થના સ્વીકારી—આપ.
પાય નાંખી એક હાથ યાચું બાલ હું અનાથ;
મસ્તકે કૃપાળ હાથ મૂકો સુખકારી—આપ.

નર્મદાશંકર બાળાશંકર.

૧૨

(પુનમ ચાંદનીને મળતો)

તારો વાસ દીસે ભગવાન સ્થળે સ્થળ વિશ્વમાં રે,
સ્હેજે તેજ અનુપમ તુજ મમ અંતર માંહ;

૧ હૃદયરૂપી હોડી.

થાયે પ્રકાશ ઉજળો અન્ધકાર જાતાં સહુરે-
સુન્દર તારકવૃન્દમાં, નિશાગ નભની માંય,
સરિતા ને સાગર વિષે, ન્યારાં દર્શન થાય.
જ્યાં જ્યાં ફરીએ ત્યાં ત્યાં નિવાસ તુજ નજરે પડેરે,
દિવસે તેમજ રજની તિમિરમાં પણ તુજ ભાસ;
તારું સ્મરણ નિર્મળું, અમ હૃદયે નિત્યે રહોરે-તારો.
વિવિધ રંગ આ અવનિમાં, કેવળ અમે અજાણ,
કર પકડી કરૂણા કરી, બતાવજે સન્માર્ગ;
તારા સબલ શરણની, સહાય છે અમને ધણીરે,
તેનો આશ્રય લઇને બજાવીએ નિજધર્મ;
નિશદિન થાય અમારું રહેવું તુજ સંગમાંરે.-તારો.
સત્ય, પ્રેમ ને શાન્તિના રૂડા સુખકર સ્રોત,
વહો નિર્મળ અમ જીવનમાં રહો ન ચિત્તે ક્ષોભ;
બની રહી શુદ્ધ, અમારાં હૃદય, નિત્ય તુજમાં વસોરે,
તજીએ તુજ કરૂણા થકી અહંભાવ વિચાર;
રહે નવ 'તું' 'હું' ના કંઇ ભેદ, એક બનીએ સદારે તારો.

ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ.

૧૩

ગઝલ.

બલે દુશ્મન બને દુનિયાં તમે ના કોપશો બાપુ !
અમીમય આંખક્યારીમાં, અશ્રુણુ ના રોપશો બાપુ!
તમારી જ્યાં દયા દૃષ્ટિ, અહાહા !! ત્યાં અમીવૃષ્ટિ,
બને સ્નેહી સકળ સૃષ્ટિ, સદા હૃદયે વસો બાપુ !
કરો જો આંખને રાતી, અહો સઘળા બને ઘાતી,
થશે વૈરી હશે સાથી, નમેરા ના થશો બાપુ !
અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો,
અમે તો આપનાં છોરૂ ! સુબુદ્ધિ આપશો બાપુ !
નથી શ્રદ્ધા અમોને તે, શિખામણ આપીએ તમને,
સુણી દીન બાળની વાણી, મધુરૂં શું હસો બાપુ !

મણિકાન્ત.

૧૪

ધનાશ્રી.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ
સૌનું કરો કલ્યાણ—ટેક૦
માણસ પશુ પંખીની સાથે,
જંતુ જીવ તમામ—દયાળુ પ્રભુ૦

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ–દયાળુ પ્રભુ૦
દુનીયામાં દર્દ દુકાળ પડે નહિ,
લડે નહિ કોઇ ગામ–દયાળુ પ્રભુ૦
સર્વ જગે સુખકારી વધે ને
વળી વધે ધન ધાન્ય દયાળુ પ્રભુ૦
કોઇ કોઇનું બૂરૂં ન ઇચ્છે,
સૌનું ઇચ્છે સૌ સમાન દયાળુ પ્રભુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન–દયાળુ પ્રભુ૦

ખંડ—૨.

૧૫
રાગ પ્રભાત.

હે પ્રભુ નામ તારૂં જપું પ્રીતથી,
રીત રૂડી સદા એ રખાવો;
ધર્મને ધારી રહું કરણી[૧] ઉત્તમ લહું,
આપ આપો મને એજ લ્હાવો—હે૦

૧ કામ.

ટાળવા પર પીડા દીન સંભળવા,
    બાળવા ગ્રંથ જ્ઞાને ભરેલા;
સ્હાય થઇ શ્રીહરિ સાધનો આપજો,
    ઇચ્છું અભિલાષ એવા સરેલા—હે૦
મન અને વાણીની કર્મથી પણ વળી,
    પ્રાણીનું હિત કરવાજ પ્રેરો;
નાથ કરશો તમે લવ[1] કૃપા નેહથી,
    સ્હેલથી સુધરે જન્મ ફેરો.—હે૦
નિંદ્ય વિચાર ને નિંદ્ય આચારનો
    અંતરે ભાવ સ્વપ્ને ન આવો,
પુનિત[2] એવી મતિ, પુનિત નીતિ વળી;
    પ્રભુ સદા મુજ હૃદયે રખાવો—હે૦
હુંપણી ઉર્મિ[3] જેવી મુજ અંતરે,
    વર્ણવી તેવી વિભુ તુજ આગે;
ઉચિત ધારો પ્રભુ તેટલું આપજો,
    ભક્ત તો ભાવતું સર્વ માગે—હે૦

૧ થોડી. ૨ પવિત્ર. ૩. મનના તરંગ.

આપ કરુણાતણું કિરણ લવ પામતાં,
દીનતા દાસની સ્હેજ જાશે;
લીન થઇ ભક્તિમાં ભાવ ધરી ભાવથી,
બાલ તારાં સહુ ગુણ ગાશે—હે૦

છોટાલાલ સેવકરામ.

૧૬

ઝુલણા.

પ્રેમનિધિ[૧] નાથ! તુજ દ્વાર આવી ઉભો,
દીન ભિક્ષાન કાજે પુકારે;
નિધિ ભર્યો જોઇ આશા ભર્યો આવિયો,
પાત્ર ખાલી ધરી ધ્રુજતા હાથ મ્હારે.
અખૂટ ભંડાર છે ભવનિધિ તાહરા,
બિંદુ શું આપતાં શું જવાશે?
હાથ જોડયો અને નિર્મુખે વાળતાં,
કૃપણતા તાત! તારી જણાશે.
સૃષ્ટિનાં પ્રતિ અણુ નાથ! સંભૃત[૨] કર્યાં,
શક્તિ વેરી તમે હાથ છૂટે;

૧ પ્રેમના સાગર. ૨ ભરપૂર.

રંક આ બાળને પ્રેમકણ સિંચતાં,
તો પછી તાત ! સંકોચ શું છે ?
રિદ્ધિ કે સિદ્ધિ સમૃદ્ધિની વૃત્તિ કેં,
છે નહિ ક્ષણિક એ સૌ વિકારી;
યાચના એ પિતા ચરણ તુજમાં રમું,
રસિક તમ પ્રેમ લહરી વિહારી.

જીવાભાઈ અમીચંદ પટેલ.

૧૭

પ્રભાતીછંદ.

અખિલ[1] બ્રહ્માંડના નાથને નિત્ય હું,
પ્રેમ-ભક્તિ થકી પાય લાગું;
દુર્મતિ ટાળો સન્મતિ સદા આપશો,
એજ વરદાન ભગવાન માગું.
નિંદ્ય નિષ્ઠુર કીધાં કૃત્ય મેં અતિ ઘણાં,
નાથ કરવાં ક્ષમા હાથ તારે;

૧ આખા.

દીનવત્સલ[1] દયા–નિધિ[2] નિજ દાસનાં,
 વિપતિ[3] ભય સંકટો તું નિવારે.
શરણ હું ચરણ પ્રતિ પ્રણમીં પ્રણિપત[4] કરૂં
 સ્મરણ હૃદયે ધરૂં નિત્ય તારૂં;
વિનંતિ ચિત ધરો પાપ પ્રભુ પરહરો,
 પ્રેમથી સાંભળો સ્તવન મારૂં.
સત્ય સચ્ચિદઘના[5] સાક્ષી સર્વોત્તમા,
 સર્વદા ક્ષેમ કલ્યાણદાતા;
પરમ કરૂણા થકી, પ્રાણી માત્રો તણા,
 ચિત્તને દો, તમે શાન્તિ શાતા.
અલ્પમતિ હું પ્રભુ સ્તવન તે શું કરૂં,
 નમ્ર ભાવે તને નિત્ય વંદું;
નીતિ સન્માર્ગમાં બુદ્ધિ પ્રેરી સદા,
 સદ્ગતિ આપશો ન્યાયસિંધુ.
ધન્ય ! તારી ગતિ ધન્ય ! તારી કૃતિ,
 શુકસનકાદિકો કો ન પામ્યા;

૧ ગરીબપર માયા રાખનાર. ૨ દયાના સાગર.
૩ વિપત્તિ, દુઃખ. ૪ પ્રણામ. ૫ ઈશ્વરનું નામ.

ઋષિમુનિ વેદમંત્રે સ્તુતિઓ કરે,
નેતિ[1] અંતે વદીને વિરામ્યા.
પ્રભુ કરો અનુગ્રહો[2] અવગુણો નવ લહો,
ભક્તનો કર ગ્રહો રે કૃપાલા;
ધર્મ ધારણ કીધો નિજ પ્રજા પાળવા,
રાખું વિશ્વાસ હું વિશ્વપાલા.
સૃષ્ટ[3] વસ્તુ થકી ભિન્ન પ્રભુ છો તમો,
શુદ્ધ ચૈતન્ય રૂપે વિરાજો;
જ્ઞાન ઇચ્છા ક્રિયા સબલ શક્તિ થકી,
વિશ્વમાં પૂર્ણ પ્રભુતાથી ગાજો.
ભવપતિ પ્રભુ તને વિસ્તરી શું કહું,
કૃતિ નથી તું થકી કાંઇ છાની;

૧ પરમાત્માનું સ્વરૂપ એવું અગમ્ય છે, કે તે આવું છે એમ કહી શકાતું નથી, તે માટે તે આવું નથી એમ કહેવું પડે છે. જેમકે તે દૂર નથી, નાનો નથી મોટો નથી ઇત્યાદિ.

૨ મહેર, કૃપા. ૩ સરજાયલી.

વિનય ભાવે તને વિનતિ હું જે કરું,
સર્વ લેશો તમ નાથ માની.
દ્વાર તારે પ્રભુ આવી વિનતિ કરું,
નવ કદિ ચરણથી વિમુખ કરશો,
પતિતપાવન[1] પ્રભુ પ્રાર્થનાઓ સુણી,
વરદ[2] શુભ હસ્ત મુજ શીર્ષ ધરશો.
યોગ્ય નથી તદપિ[3] પ્રતિપાલન પ્રભુ કરો,
પ્રેમ રાખો સદા દાસ જાણી;
હે કૃપાનાથ ઉપકાર અતિ તાહરો,
માની નિત્યે વહુ નમ્ર વાણી.
રાખું અભિલાષ[4] અવિનાશી પદ પામવા,
યોગ્યતા આપવી હાથ તારે;
સર્વ અપરાધ કરશો ક્ષમા દાસના,
સત્ય વિશ્વાસ આધાર મારે.
નમીં નમીં નિત્ય પ્રભુ પ્રાર્થના હું કરું,
ચિત્તમાં પ્રેમ લાવી સ્વીકારો;

૧ પાપીને પવિત્ર કરનાર. ૨ વરદાન આપનાર.
૩ તોપણ. ૪ ઇચ્છા.

સિદ્ધિ[1] આપો સદા શુદ્ધ ઉદ્યોગમાં,
વિઘ્ન આપત્તિ સર્વે નિવારો.
દાસના દોષ પર રોષ નવ લાવશો,
ભક્તની સર્વ છે લાજ તુંને;
કામના મન તણી પૂર્ણ કરીને સદા,
શરણ રાખો મહારાજ મુને.
નિત્ય સાષ્ટાંગ[2] નમી નાથ તમને કહું,
રાખી સંપૂર્ણ પ્રભુ પ્રેમભક્તિ;
ત્રિવિધ[3] પુરુષાર્થ સંપૂર્ણ હું ભોગવી,
પામું તારી પ્રભુ સમિપ મુક્તિ.

ભોળાનાથ સારાભાઈ.

૧૮

ભૈરવી-રાગિણી.

મંગલ મન્દિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો!
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઉભો શિશુ ભોળો;

૧ ફતેહ. ૨ આઠે અંગ સાથે. ૩ ત્રણ જાતના.

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ક્રમમાં લ્યો, લ્યો,
દયામય! મંગલ મન્દિર ખોલો!
નામ મધુર તમ રટ્યો નિરન્તર
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો,
દયામય! મંગલ મન્દિર ખોલો!

નરસિંહરાવ.

૧૯

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો. એ રાગ)

પ્રભુ મારા હૃદયમંદિરે પધારો
સુનીતિ સુધૈર્ય વધારો. પ્રભુ. ક
કરુણા કરો સુમતિ વર માગું,
નિંદ્ય બુદ્ધિને નિવારો,
ક્ષમા કરો અપરાધ વિસારો;
બાંહ્ય ગ્રહી મને તારો. પ્રભુ.

ઉત્પત્તિ જીવની આપ કરો છો,
પાલન લાલન પ્રીતે;
તાડનની[1] પણ શક્તિ તમારી,
શાસ્ત્ર વદે છે સુરીતે. પ્રભુ.
ષડ્રિપુ[2] જગને જે ઠગનારા,
જીવને બંધનકારી;
રાખો પરા[3] પ્રભુ મુજ મનથી,
અંતર વિનતિ ઉતારી. પ્રભુ.
દેવ દાનવ તેમ માનવ કોઇ,
ગહન ગતિ નવ જાણે;
નિર્મ્યો ભાગ સરવ કો ભજવે,
પાત્ર નાટકનાં પ્રમાણે. પ્રભુ.
સંરક્ષણ ક્ષણ ક્ષણ તું કરે છે,
ઉપકૃતિ[4] ઉરમાં ન માયે.
મહિમા તારો અદ્દભુત મોટો,
ત્રિભુવનમાં તે ગવાયે. પ્રભુ.

૧. સજાની. ૨. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ૭ દુશ્મનો. ૩. દૂર. ૪. ઉપકાર.

સરજનહાર આધાર તમારો,
તારી પાર ઉતારો,
અમ બાળકના સ્વામી! સુણજો,
આરતના ઉચ્ચારો પ્રભુ

છોટાલાલ સેવકરામ.

૨૦*

દીઠ

હૃદય કઠિન અને શુષ્ક બને જ્યારે,
કૃપાધાર સહિત હો પધારો ત્યારે.
લાગે જીવન રસહીન કડુ જ્યારે,
ગાનઝરણુ સહિત હો પધારો ત્યારે.
ગર્જી ગર્જીને પ્રવૃત્તિ મુંગળાવે,
શાંતિનાથ! શાંતિ સહ પધારો ત્યારે.
દીનહીન ઉર ખુણે લપાય જ્યારે,
રાજવિધિસહ[1] પધારો દ્વાર ત્યારે.

* 'ગીતાંજલિ'નું ૩૯ મું ગીત. ૧. રાજાના જેવા ઠમામ સાથે.

વાસના વિપૂલ મોહધુળ વડે જ્યારે,
ફરી અંધ દીન હૃદયને જુલાવે.
પ્રાર્થું હે પવિત્ર ! હે અનિદ્રનાથા‡ !
તેજ ગર્જનસહ હો પધારો ત્યારે.

ગોવર્ધનભાઈ એન્જિનીયર.

૨૧

હીરા.

પ્રાણનાથ ! પ્રાણ પાથરૂં પધારો;
મને દર્શ દઇ આંખ મારી ઠારો;

શોક મોહ આવરણ પ્રભો ! વિંટાયાં,
આત્મતેજ પુન્જ તિમિરથી છવાયાં.

શિલ પુણ્યની પિતા ! ન સ્વપ્ન ઝાંખી,
નિધનવાહી[1] મલિનતા ઉરે શું બાકી !

વિપથચારી[2] વૃત્તિ સર્વ સ્નેહસૂની,
હૃદય-દેશ પિતા ! પ્રભુ ! મરૂભૂમિ !

ક્ષુદ્ર પામર અસુયા[3] મલિન વિકાર,
ઉર ગૂંગળાવતા કંઇ વિચાર.

‡સર્વદા જાગ્રત એવા પ્રભુ. ૧. મૃત્યુ પમાડનારી. ૨. અવળે રસ્તે જનારી. ૩. ઇર્ષ્યા.

હૃદયદેશને પિતા ! કરો બગીચો,
મધુઝર[1] રસેન્દુ ! પ્રેમ અમી સિંચો.
અશ્રુબદ્ધ ભક્તહૃદયની મનીષા,[2]
પિતા ! જાણતો તું દે અભીષ્ટ[3] ભિક્ષા.
કૃપામૃત સિંચી મુજ તૃષા છિપાવો,
હું અનાથને સનાથ શું સુહાવો.

* * *

હૃદયનાથ ! દયાસાગરા ! પધાર્યા,
કૃપાનાથ ! રંક ગૃહે આજ આવ્યા !
પુનિત દિવ્ય હા ! પ્રસારી પાદધૂલિ,
થઇ પાવન હું રંકની મઢુલી.
પ્રીતિઉર્મિમાળા શું ઉરમાંહિ આવે,
હૃદયનું ગાણું શું શી રીતે દર્શાવે ?
સ્નેહઅશ્રુથી દઉં પ્રભુ ભિંજાવી,
પ્રેમ-વર્ષણે પ્રભુ ! દઉં નવરાવી !

૧. અમૃત ઝરનાર. ૨. ઇચ્છા. ૩. ઇચ્છેલી.

કાંપ કિલ્બિષને[1] બધો કહાડી નાંખું,
પુણ્ય વાસનાની સુરભિ[2] ૩રે ‍ હું.
હૃદય લહરીઓની સેજ હું બિછાવું,
ભાવકુસુમ વેરી તાતજી રિઝાવું.
આપ ચરણ ધરૂં ભેટ શું પ્રભુજી।
લળી દેહ લળી આત્મ હું નમું જી.
આપ-ઘેલુડાં શરીર ઉર નમાવું,
ચરણકમલમાં પિતાજી હું રમાડું.×

કુસુમાકર.

૨૨

તોટક.

મુજ જીવન આ પ્રભુ! તુંથી ભરૂં,
બલ દે અભિલાષ હું એહ પુરૂં;
મુજ દેહ વિષે મુજ આત્મ વિષે,
જડ ચેતનમાં પ્રભુ વાસ વસે

૧ દોષ ૨ સુગંધ × પ્રથમ ખંડમા પ્રભુને આમંત્રણ છે; બીજામાં આમંત્રણનો સ્વીકાર છે.

મુજ રક્ત વિષે, મુજ નાડી વિષે,
મુજ દૃષ્ટિ વિષે, મુજ વાણી વિષે,
મુજ તર્ક વિષે, મુજ કર્મ વિષે,
પ્રભુ વાસ વસો મુજ મર્મ વિષે
શિરમાં, ઉરમાં, મુખમાં કરમાં,
પ્રભુ! વ્યાપી રહો મુજ અંતરમાં.
મુજ જીવન કેરૂં રહસ્ય ઉંડું,
મન પ્રેરક[1] ચાલક શાસક[2] તું.
ધરીને ઉરમાં રસની પ્રતિમા—
જહીં ઉન્નતિનો સ્થિર છે મહિમા—
સ્મરી આકૃતિ એ નિજ પિંછી ધરે,
અનુસારજ ચિત્ર પછી ચિતરે.
જ્યમ ચિત્રક એ મન-મૂર્તિ વડે,
બહુ સુન્દર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે,
મુજ લેખન તે તુજ સાક્ષી પુરે.

૧. પ્રેરણા કરનાર. ૨. નિયમમાં રાખનાર.

પ્રભુ! મુદ્રિત અંકિત તું હ્રદમાં,
કૃતિઓ બધી ત્વન્મય[1] હો જગમાં;
મુજ વર્તનથી છબી જે બની રહે,
તુજ ઉજ્જવલ રૂપની ઝાંખી દીએ.

રમણભાઇ.

૨૩

તોટક.

પરમેશ્વર પૂર્ણ કૃપાલ તમે,
નમીએ મળી ભક્ત સમસ્ત અમે;
વિનતિ વિભુ સર્વ ચિતે ધરશો,
પરિતાપ કૃપાથી બધા હરશો.
અતિ અદ્દભુત સુંદર સૃષ્ટિ દિસે,
સ્તુતિ પૂર્ણ તમારી કદી ન થશે.
કરૂણા ઉપકાર કરો સઘળે,
નહિ જીવ થકી કદી પાડ વળે.
જગદીશ તમે જગધારક છો,
સહુ પ્રાણી તણા ભયહારક છો;

1. તુજમય.

જનમંડલને સુખકારક છો,
પ્રભુ તારક તારક તારક છો
પ્રભુ હે. પ્રભુ હે! પ્રભુ હે! પ્રભુ હે!
અપરાધ ક્ષમા કરશો પ્રભુ હે!
પ્રણમી પ્રણમી તમને કહીએ—
પરમાર્થનું સાધન દો અમને
પ્રભુ દોષ કદાપિ ન લક્ષ ધરો,
કરૂણામય દૃષ્ટિ કૃપાથી કરો.
નથી કોઇ, વિના પ્રભુ, બેલી ખરો,
મનના સહુ મંગલ અર્થ પૂરો.
ભવસાગર દુસ્તર[1] નાથ ઘણો,
અમને શુભ આશ્રય આપ તણો;
તરીએ પ્રભુના કરૂણા—બક્ષથી,
જીવતારક કોઇ. વિના તું નથી.
સહુ કિલ્બિષ[2] કલેશ તમે હરશો,
પ્રભુભક્તિ સદા હૃદયે ભરશો;

૧. તરવો કઠણ. ૨. પાપ.

તવ મંગલ હસ્ત શિરે ધરશો,
અભિષેક કૃપાજલથી કરશો.
જય દેવ દયનિધિ વિશ્વપતિ,
કરુણા કરી દો અમને સુમતિ;
ઉપકાર અમે પ્રભુના સ્મરીએ,
જનમંગલ કાર્ય સદા કરીએ.

પ્રભુ મંગલ મંગલ ભાવ ધરો,
ભય દુઃખ વિપત્તિ સમસ્ત હરો;
કરુણામય દૃષ્ટિ કૃપાથી કરો
મનના પ્રભુ સર્વ મનોર્થ પુરો

કુસુમાંજલિ[1] પ્રેમની આ સમયે,
કરી અર્પણ નાથપદે વિનયે;
કરીએ અમે અતિ શુદ્ધ મને,
ગુણ પંથ સદા સૂચવો અમને

શુભકારી તમે પ્રભુ આશિષ દો
સ્તુતિ પ્રાર્થન માની કૃપા થકી લ્યો;
નિજ દાસ તણો પ્રભુ હાથ ગ્રહો,
પરમેશ સદૈવ પ્રસન્ન રહો.

ભોળાનાથ સારાભાઇ.

*૧. ફૂલનો ખોબો.

૨૪

દોહા.

પ્રભુ ! પરમ પ્રાણ ! આપ છો અનન્ત,
આપ વાસ હૃદય હૃદય ને દિગન્ત.
દૃષ્ટિ અંતરે ઉતારું તેજ જોવા,
અંધકારની અનિષ્ટ છાપ ધોવા.

ભૂમિ વારિ તેજ ગગન વળી વાયુ,
જગત પંચભૂતથી બધું રચાયું.
દયા એજ આપની પ્રભુ ! અમાપ,
પડે હૃદય હૃદય એ પ્રતાપી છાપ.

મળે પાપ પછી સમય ફળ સુધીનો,
ક્ષમા પ્રાર્થીને પુનિત એ થવાનો;
ક્ષમા આપની અગાધ સર્વ સ્થાને,
શુદ્ધ પાપ—તાપ—કર્મથી થવાને.

નયન આસપાસ સૃષ્ટિને વિલોકે,
કૃતિ અદ્ભુત અનેક જોઈ થાકે.

ધ્યાનનું અસીમ સુખ સેવા,
પ્રભુ! ધર્મ એ શીખી પ્રસાદ લેવા.
પ્રાણી માત્ર આપનુંજ એક રૂપ,
કેમ સેવું એ ન આપનું સ્વરૂપ?
દયા દાન ક્ષમા ધર્મ પ્રાણુસેવા,
જીવન દૈવી હૃદય દૈવી અત્ર રહેવા.
પ્રભુ! આપનાં અગાધ કલાશક્તિ,
પ્રેરતાં અનેક સદ્ગુણો સુવૃત્તિ;
ભજું જ્ઞાનતેજ જગતમાં સુહાવું,
રમું એ પવિત્ર તેજમાં સદા હું.

સ્નેહજ્યોતિ.

૨૫

(મહિદીપ છંદની ચાલ)

દીનનો દયાળ છોડી કોને શરણુ જાઉં...ધ્રુવ.
માત તાત જાણી પ્રભુ. ચરણુપ્રતિ ધાઉં;
પામીને પ્રસાદ પૂર્ણ કૃતિ કૃતાર્થ થાઉં-દીનનો.
નીતિ-ભક્તિરૂપ પુણ્ય તીર્થમાં હું નાહું;

પરમ ઇષ્ટિ[1] બ્રહ્મની હું સ્તુતિ ગુણ ગાઉં—દીનનો.
પ્રભુ કૃપાનિધાનની[2] હું પૂર્ણ કૃપા ચહું;
સંકટ સમય નાશ પલ્લવ[3] હું સાહું—દીનનો.
નમોં નમોં પરાત્પર[4] હું તારે ચરણ આવું;
પ્રેમ પુષ્પ અંજલિ[5] પ્રભુપદે વધાવું—દીનનો.

ભોળાનાથ સારાભાઈ.

૨૬×

મુંઝાઉં છું અરે ભગવંત! કરૂં પૂજા કયી રીતે?
હૃદયની ભક્તિથી સેવા કરૂં હું [illegible] ! [illegible]થી તે?
તમારા તેજથી ચમકે સુરજ ને ચન્દ્ર ને તારા,
ભલા ભગવાન દીપક શું બતાવું આપને તે હું?
સ્વરૂપ છે શુદ્ધ ને અતિ દિવ્ય સ્નાનથી સુધારૂં શું?
ન માયાથી વિલેપાયે, કરૂં અર્ચા વિલેપન શું?
સકળ પુષ્પો મહીં રાચે, દીસે સુવાસ ને રંગે,
પ્રભુને પુષ્પ તે શાં હું, ચઢાવું માત્ર ધારીને?

૧. ઇચ્છેલો, વહાલો ૨. મહેરબાનીના ભંડાર.
૩. પાલવ-વસ્ત્રનો છેડો. ૪. શ્રેષ્ઠ પરમેશ્વર. ૫. ખોબો

× "ગીતાંજલિ"નું ૩૬ મું ગીત.

નહાના ને વળી મોટા જીવોને પોષનારાને
ધરૂં શું, અલ્પ નૈવેદ્ય ? અરે હું માનવી પામર.
નિરદ્દંદ્ધ નિરાકાર ત્રિગુણાતીત હે નાથ!
બધે વ્યાપી રહ્યા છો ત્યાં કરૂં શું સ્થૂલ પૂજા હું ?
સકલ જગના જીવો જે જે બધા છે આપની મૂર્તિ,
દયા ને પ્રેમથી સેવા કરૂં ને આપની ભક્તિ
દુઃખીને દીનની સેવા યથાશક્તિ બને મુજથી,
પ્રભુજી ચરણમાં ભાવે સમર્પું હું ખરા મનથી.
કરૂં અર્પણ બધું પ્રભુને ચાહું ના લેશ ફળ મનથી
કરૂં જો ભક્તિ એ રીતની ખરી તે છે પૂજા ઇશની

૨૭

નિવેદન તમ પ્રતિ એ મારૂં
અંતર અંતરની નિર્બલતા છેદન કરજો,
હો નાથ! નિવેદન તમ પ્રતિ એ મારૂં.
બલ અર્પો સુખ સ્હેજે સહવા,
બલ અર્પો દુઃખ સ્હેજે સહવા,

સ્મિત વિકસિત વદને હું ઉપેક્ષું[1]
  પ્રબલ વેગ સુખ દુઃખનાઃ
દાતા ! એવું બલ યાચું,
  નિવેદન તમ પ્રતિ એ મારૂં.
  સેવા પરઉપકારો દ્વારા
  પ્રેમ સફલ મમ કરૂં હું પ્યારા !
ક્ષુદ્ર અબલ જનને ન ઉપેક્ષું
  સમદને[2] શિર નહિ નામું;
દાતા ! એવું બલ યાચું,
  નિવેદન તમ પ્રતિ એ મારૂં.
  તુચ્છ વાતથી પર[3] કક્ષાએ
  રાખું મમ મન દિને નિશાએ,
તમ ચરણે મમ શુભ ગુણ અર્પું
  અચલ પ્રેમ શ્રદ્ધાએ,
દાતા ! એવું બલ યાચું,
  નિવેદન તમ પ્રતિ એ મારૂં.

ગોવર્ધનભાઇ એન્જીનિયર.

૧ અવગણના કરૂં. ૨ મદવાળાને. ૩ ઉંચી.

૨૮

"દયાસિંધુ તારે બારણે પુકારૂં દીનબાલ—એ ચાલ"

(રાગ મ્હાડ !)

પ્રેમલ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ. પ્રેમલ૦
દૂર પડ્યો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનિમાં,
નિજ શિશુને સંભાળ
મારો જીવનપંથ ઉજાળ. પ્રેમલ૦
ડગમગતો પગ રાખ સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
રે એક ડગલું બસ થાય— પ્રેમલ૦
આજ લગી રહ્યો ગર્વમાં હું,
ને માગી મદદ ન લગાર,

આપબળે માર્ગ જોઈને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર— પ્રેમલ૦
ભભકભર્યા તેજથી હું લેભાયો,
ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી,
સ્ખલન થયાં જે સર્વ;—
મારે આજ થકી નવું પર્વ.— પ્રેમલ૦
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ!
આજ લાગી પ્રેમ ભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતની સેર.— પ્રેમલ૦
કર્દમ[1] ભૂમિ કળણ[2] ભરેલી,
ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળકેરા પ્રવાહો,

૧ કાદવ. ૨ ખૂંચી જવાય એવી જમીન.

સર્વે વટાવી કૃપાળ
મુને પહોંચાડજે નિજદ્વાર— પ્રેમલ૦
રજનિ જશે, ને પ્રભાત ઉજળશે,
ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર,
મારે હ્રદય વસ્યાં ચિરકાળ
જે મેં ખોયાં હતાં ક્ષણવાર.— પ્રેમલ૦

નરસિંહરાવ.

૨૯

રમ્ય મૂર્તિ નાથની શી દૃષ્ટિએ તરી રહી,
દિવ્ય કાન્તિ કાન્ત કેરી આ હૃદયે રમી રહી—રમ્ય૦
જોતો વાયુમા ઉડંતી, જોઉં વારિમાં તરતી,
આસપાસ એ હસંતી, જ્યાં ત્યાં વિલસી રહી—રમ્ય૦
વૃક્ષમાંહી વૃક્ષ રૂપ, અનલમાં અનલ સ્વરૂપ,
તેજમાંહી તેજ રૂપ, સર્વમં શમી રહી—રમ્ય૦
આ વિધિ સમીપ રહીને, સાથ સર્વદા થઇને,
અંકમાં રમાડી મને, નિજ સ્વરૂપ કરી રહી—રમ્ય૦

૩૦

સુંદર શિવ મંગલ ગુણ ગાઉં ઇશ્વરા,
વિભુવર ભવભયહારક, નમું મહેશ્વરા—સુંદર૦ ધ્રુવ.
મધુર કુસુમ વિશે રમે ગંધ સુંદરા,
કૌમુદિ મુદપ્રદા ઉષા મનોહરા;
મૃદુલ કંઠ કોકિલરવ શ્રવણસુખકર.;—
સહુમાં વસતી હસતી
પ્રતિફલિતા[1] —શી લલિતા—સુંદરતા
તુજ હા મંદિરે.—સુંદર૦
વિપ્રલંભી[2] વિષયમોહના[3] મધુરસ્વરા.
દિવ્યધામપંથ જતા આત્મા વિઘ્નકરા,
વિપથ દોરવા મથે અહો દયાકરા !
હણ તે, હૃદયે, બળ દે,
કર ધરી આ—પરિહરવા—મધુરરવા—
મોહનીસુરા—સુંદર૦

૧ પ્રતિબિંબ ઉત્પન્ન કરે એવી. ૨ ઠગનારી ૩ મૂઢ બનાવનારી માયા.

વિમલ સાધુહૃદય વિશે વિપદજલધરા,[1]
વ્યાપી હમેસત્ય દૃષ્ટિ ઘનતિમિરકરા,[2]
તે સમે વિશુદ્ધ પ્રેરી જ્ઞાનરવિકરા,[3]
કરૂણા ધરીને, ફરીને.
હરી તમને,[4] સદયમને,[5] મનગગને,
શાંતિ દે સ્થિરા—સુંદર૦

નરસિંહરાવ.

*૩૧

અંતર મમ વિકસિત કર અંતર કર હે !
નિર્મલ કર ઉજ્જવલ કર સુંદર કર હે !
જાગ્રત કર ઉદ્યત[1] કર નિર્ભય કર હે !
મંગલ કર નિરલસ[2] નિ:સંશય કર હે ! અંતર.

૧ વિપત્તિરૂપી વાદળો. ૨ ઘાઢ અંધકાર ફેલાવનાર. ૩ જ્ઞાનરૂપી રવિનાં કિરણ. ૪ અંધકારને ૫ દયાળુ દિલથી.

*બંગાળી "ગીતાંજલિ"નું ૫મું ગીત લગભગ મૂળ રૂપમાંજ. ૧. તત્પર, તૈયાર. ૨. આળસરહિત.

મુક્ત કર હે સહુની સંગે,
મુક્ત કર હે બન્ધ;
સંચાર કર સકલ કર્મે,
શાંત જે તવ છંદ.[1]
ચરણપદ્મ મમ ચિત્ત નિષ્પન્દિત[2] કર હે!
નંદિત[3] કર, નંદિત કર, નંદિત કર હે!
અંતર મમ વિકસિત કર, અંતર તર હે!

રવીન્દ્રનાથ ટાગોર.

૩૨

શિખરિણી.

પ્રભો અંતર્યામી,[4] જીવન જીવના દીનશરણા,[5]
પિતા માતા બંધુ અનુપમ સખા[6] હિતકરણા;
પ્રભા[7] કીર્તિ કાંત, ધન વિભવ[8] સર્વસ્વ જનના,
નમું છું વંદુ છું, વિમલમુખ સ્વામી જગતના.

૧ આશય. ૨ સ્થિર. ૩ આનંદિત.

૪ અંતરમાં રહેનાર–મનની વાત જાણનાર. ૫ ગરીબને આશ્રય આપનાર. ૬ મિત્ર. ૭ તેજ. ૮ ઐશ્વર્ય–મોટાઈ.

સહુ અદ્ભુતોમાં, તુજ સ્વરૂપ અદ્ભુત નારખું,
મહાજ્યોતિ જેવું નયન શશી ને સૂર્ય સરખું;
દિશાની ગુફાઓ પૃથિવી ઉંડું આકાશ બરતો,
પ્રભો તે સૌથી યે પર[1] પ-મ[2] તું દૂ ઉડતો.
પ્રભો તું આદિ છે શુચ[3] પુરુષ પુરાણુ[4] તુંજ છે,
તું સૃષ્ટિ ધારે છે, સૃજનપ્રલયે[5] નાથ તુંજ છે;
અમારા ધર્મોનો, અહરનિશ[6] ગોપાલ તુંજ છે,
અપાપી પાપીનું, શિવસદન[7] કલ્યાણુ તુંજ છે.
પિતા છે એકાકી,[8] જડ સકળ ને ચેતન તણો,
ગુરૂ છે મોટો છે, જનકુલતણો પૂજ્ય તું ઘણો;
ત્રણે લોકે દેવા, નથી તુજ સમો અન્ય ન થશે,
વિભુરાયા[9] તુંથી, અધિક પછી તો કોણુજ હશે?
વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,

૧ ભિન્ન—જુદો. ૨ શ્રેષ્ઠ. ૩ પવિત્ર. ૪ જૂનો. ૫ ઉત્પત્તિ અને નાશ

૬ રાતદિવસ. ૭ કલ્યાણનું ઠેકાણું. ૮ એકલો. ૯ સર્વવ્યાપી રાજા.

તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો.
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટી વારે, વળી પ્રભુ નમસ્કારજ હજો.
અસત્યો માંહીથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો[1] હું છું તો, તુજ દરસનાં[2] દાન દઈ જા.
પિતા પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી[3]
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહાસાગર ભણી.
થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં,
કૃતિ ઈંદ્રિયોની, મુજ મન વિષે ભાવજ સ્મરૂં,
સ્વભાવે બુદ્ધિથી શુભઅશુભ જે કાંઇક કરૂં;
ક્ષમા દૃષ્ટે જો જો, તુજ ચરણમાં નાથજી ધરૂં.

ન્હાનાલાલ.

૧ વિનાનો. ૨ દર્શનનાં. ૩ કામ.

૩૩

મારાં નયણાંની આળસરે, ન નિરખ્યા હરિને જરી,
એક મટકું ન માંડયુંરે, ન ઠરિયાં આંખી ફરી.
શોક મોહના અગ્નિરે તપે, તેમાં તમ થયાં;
નથી દેવનાં દર્શનરે કીધાં તેમાં રકત[1] રહ્યાં.
પ્રભુ સઘળે વિરાજેરે સૃજનમાં સભર[2] ભર્યા;
નથી અણુ પણ ખાલીરે, ચરાચરમાં[3] ઉભર્યા.
નાથ ગગનના જેવા રે, સદા મને છાઇ રહે;
નાથ વાયુની પેઠે રે. સદા મુજ ઉરમાં વહે.
જરા ઉઘડે આંખડલી રે, તો સંમુખ તેહ તદા;
બ્રહ્મ બ્રહ્માંડ અળગાંરે, ઘડીયે ન થાય કદા;
પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ તેને ચેતનની ?
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ તોયે કંઇ દિનની.
સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જીભ થાકીને વિરમે રે, વિરાટ વિરાટ વદી.
પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ ! ક્યારે ઉઘડશે ?

૧ સાચી રહ્યાં. ૨ સંપૂર્ણ. ૩ સર્વત્ર.

આવાં ઘોર અધારાં રે ! પ્રભુ ક્યારે [ઉતરશો ?;]
નાથ ! એટલી અરજી રે ઉઘાડો જડ પડદા;]
નેનાં ! નિરખો ઊંડેરૂં રે, હરિના દરસે[1] સદા.
આંખ ! આ ચાસ છાંડે રે ઠરો ક ઝાંખી કરી,
એક મટકું ના માંડે રે હૃદય ભરી નિરખો હરિ.

ન્હાનાલાલ.

૩૪

ગઝલ

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આસુ મહીંએ આંખથી યાદી ઝરે છે આપની !
જોઉં અહીં ત્યા આવતી દરિયાવના મીઠી લહેર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારાતણાં ઝુમી રહ્યા જે ઝુમખાં;
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,*

૧ દર્શનમાં.

*દિવસની દોડમારીમા અને રાત્રિની શાંતિમાં.

આ દમબદમ* બોલી રહી ઝીણી સિતારી આપની
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!
દેખી બુરાઇ ના ડરૂં હું, શી ફિકર છે પાપની?
ધોવા બુરાઇને બધે ગંગા વહે એ આપની!
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને
અહેશાનમાં[1] દિલ ઝુકતું, રહેમત[2] ખડી ત્યાં આપની!
પ્યારૂં તજીને પ્યાર કોઇ આદરે છે જો સફર;
ધોવાઇ યાદી ત્યાં રડાવે એ જુદાઇ આપની!
જૂનું નવું જાણું અને રોઉં હસું તો તે બધું;
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની!
ભૂલી જવાતી એ બધી એ કિતાબો[3] સામટી;
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની!
કિસ્મત[4] કરાવે ભૂલ તે ભૂલો કરી નાંખું બધી!
છે આખરે તો એકલી ને એક યાદી આપની!

કલાપી.

* શ્વાસોચ્છ્વાસે, ક્ષણ ક્ષણ.

૧ ઉપકારમાં. ૨ મહેર. ૩ ચોપડીઓ. ૪ નસીબ.

૩૫+

આરતી-ગીત.

એ હરિ સુન્દર ! એ હરિ સુન્દર !
મસ્તક ધરૂં તવ ચરણુ પરે
સેવક કેરી ભક્તિ ભક્તિએ
પ્રેમિક કેરા પ્રેમ- ગોરવે
દુઃખિત જનની વ્યથા વ્યથા એ
સુખી ના આનન્દે સુન્દર હે !
મસ્તક ધરૂં તવ ચરણુ પરે.
કાનને કાનને શ્યામલ શ્યામલ
પર્વતે પર્વતે ઉન્નત ઉન્નત
સાગરે સાગરે ગંભીર હે !
મસ્તક ધરૂં તવ ચરણુ પરે.
ચંદ્ર સુરજ બાળે નિર્મળ દીપ
જગ મંદિર તવ ઉજ્જ્વળ કરે.
મસ્તક ધરૂં તવ ચરણુ પરે.

હસમનરાય હરિલાલ ભ્રવ.

+મૂળ ગુરૂમુખી ઉપરથી, અમૃતસરના શીખ ગુરૂ દરબારનું આરતી ગીત.

અંક–૩

१

मूकं करोति वाचालं पंगुं लङ्घयते गिरिम्।
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥

જેની કૃપા મૂગાને વાચાળ બનાવે છે, અને પાંગળાને પર્વત ઓળંગવાને શક્તિમાન કરે છે તેવા પરમાનંદ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું.

२

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः
स्तवैः
वेदैः सांगपदक्रमोपनिषदै गायन्ति यं
सामगाः।
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यन्ति
यं योगिनोः
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय
तस्मै नमः ॥

જેની બ્રહ્મા, વરૂણ ઇન્દ્ર, રૂદ્રો અને મરૂતો દિવ્ય સ્તોત્રો વડે સ્તુતિ કરે છે; જેનું સામવેદમંત્ર ગાનારા ઋષિઓ અંગ, પદ, ક્રમ અને ઉપનિષદ્ સહિત વેદોથી ગાન કરે છે; જેનો મહાન્ યોગી પુરૂષો ધ્યાનનિમગ્નાવસ્થામાં એકાગ્ર ચિત્તથી સાક્ષાત્કાર કરે છે, અને દેવ અને દાનવોના સમૂહથી પણ જેનો અન્ત કળી શકાતો નથી એવા પરમાત્માને નમસ્કાર હો.

૩

यं शैवास्समुपासते शिव इति ब्रह्मेति
वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्त्तेति
नैयायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति
मीमांसकाः

सोऽयं नो विदधातु वांछितफलं त्रैलो-
क्यनाथो हरिः ॥

જેને શિવના ઉપાસકો 'શિવ,' વેદા-
ન્તીઓ 'બ્રહ્મ,' બૌદ્ધો 'બુદ્ધ,' પ્રમાણકુશળ
નૈયાયિકો 'કર્તા', જૈન ધર્મવાળાઓ 'અર્હન્'
અને મીમાંસકો 'કર્મ' એવા નામથી ઉપાસે છે,
તે ત્રણ લોકોનો નાથ શ્રીહરિ અમને વાંછિતફળ
આપો.

૪

असितगिरिसमं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिन पत्रमुर्वी।
लिखति यदि गृहीत्वा शारदा सर्वं कालं
तदपि तव गुणानामीश पारं न याति ॥

મહાસાગરરૂપી ખડિયામાં નિલગિરિ પર્વ-
તના જેટલું કાજળ હોય, શ્રેષ્ઠ દૈવી કલ્પવૃક્ષની

શાખાની કલમ બનાવી હોય અને તે કલમ ગ્રહણ કરીને પૃથ્વીરૂપી કાગળ પર સાક્ષાત્ સરસ્વતી દેવી સર્વકાળ લખ્યા કરે તોપણ હે નાથ! તારા ગુણોનો પાર આવે તેમ નથી.

૫

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं
निहितं च सत्ये।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां
शरणं प्रपद्ये ॥

હે સત્યસંકલ્પ! હે સત્યથી પણ શ્રેષ્ટ! હે ત્રણે કાળમાં સત્યસ્વરૂપ! હે સત્યના ઉત્પત્તિ-સ્થાન અને સત્યમાંજ રહેનારા! હે સત્યના પણ સત્યરૂપ! હે ઋત અને સત્યરૂપ દૃષ્ટિવાળા અને હે સત્યનાં આત્મસ્વરૂપ! હું તારે શરણે આવ્યો છું.

૬

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च
सखा त्वमेव
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं
मम देवदेव ॥

તમેજ અમારા માતા છો અને તમેજ પિતા છો, તમેજ અમારા બંધુ છો અને સખા પણ તમેજ છો, તમેજ અમારી વિદ્યા અને દ્રવ્ય પણ તમેજ છો, હે દેવના દેવ! તમેજ અમારૂં સર્વસ્વ છો.

૭

ॐ सहनाववतु सहनौ भुनक्तु सह वीर्यं
करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शांतिः शांतिः शांति ।

પરમેશ્વર વિદ્યાના પ્રકાશ વડે અમારૂં બન્નેનું એટલે ગુરૂશિષ્યનું સાથે રક્ષણ કરો,

વિધા । ફળના પ્રકાશ વડે અમારૂં બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને વિદ્યાકૃત સામર્થ્યને સંપાદન કરીએ, અમારાં બન્નેનું અધ્યયન તેજસ્વી થાઓ અને અમે બન્ને પરસ્પર દ્વેષ ન કરીએ.

૯

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

આ જગતમાં સઘળાં સુખી થાઓ, સઘળાં નિર્વિકાર થાઓ, સઘળાં કલ્યાણને મેળવો અને કોઇપણ દુઃખી ન રહે.

સમાપ્ત.

આ જગતના જીવનમાં એક બાજુએ અન્યાય, જૂલમ અને ઉદ્વેગ જોવામાં આવે છે તે વાત તે અમે અમારા સ્વાર્થપરાયણ સુખ માટે કાળજી રાખીએ છીએ તે માટે, અમારા પોતાના હિત તરફ જ માત્ર, અયોગ્ય ધ્યાન આપવા માટે, ભ્રાતૃભાવની અમારી ખામી અને જનસેવા તરફની ઉપેક્ષા માટે

હે પ્રભુ ! અમારા ઉપર દયા કર.

હે પરમપ્રભુ અને [illegible] પ્રભુ! નિર્બળના બળ અશાન્તનું [illegible]-અન્તઃસ્થાન, ઉદ્વેગીને દિલાસો આપનાર, પાપીના તારક, દરેક જરૂરી વખતે તારાં બાળકના આશ્રય ! અમારા જીવનની પરિસ્થિતિ અને અનુભવોમાં તારી સહાયતા માટે અમે પ્રાર્થના કરીએ છીએ તે શ્રવણ કર

અધમ અને દુષ્ટ માર્ગ તરફ અમને પ્રલોભન થતું હોય, પાપ એવી મોહિની ધારણ

કરે કે, પાપ અમારી દૃષ્ટિમાં ઓછું લાગે ત્યારે

હે પ્રભુ ! અમને સહાય થા.

મુશ્કેલ કર્તવ્ય કરવાની, સમાજમાં એકલે હાથે કામ કરવાની અને નહિ ઉંચકી શકાય તેવા કાર્યભાર ઉપાડવાની ફરજ હોય તે વખતે

હે પ્રભુ ! અમને સહાય થા.

જ્યારે અમે અમારા કામથી કંટાળ્યા હોઇએ, એ કામ કરવામાં ફળ નથી એમ ધારતા હોઇએ અને અમુક કર્તવ્યમાં કાંઇ લાભ નથી માટે કર્તવ્ય કરતાં દુઃખ લાગતું હોય તે સમયે

હે પ્રભુ ! અમને સહાય થા.

હે દયાળુ પ્રભુ ! દુઃખ અને પશ્ચાતાપથી દબી ગયેલાં હૃદયના નિશ્વાસ અને પશ્ચાતાપ કરનારાંઓની ઇચ્છાઓનો તું તિરસ્કાર કરતો નથી અમે તને પ્રાર્થના કરીએ છીએ તે તું સાંભળ. તારી દયાળુતા વિષે અમને હંમેશાં વિશ્વાસ રહે તેવી અમારા ઉપર કૃપા કર. પાપ અને અપવિત્રતામાંથી અમને બચાવનાર તુંજ છે.

વાંચવા લાયક પુસ્તકો.

હૃદયમંથનઃ–દેશભક્તિ, સત્યાગ્રહ, સેવા અને ગોપજીવનને લગતાં કલ્યાણજી વિ મહેતાના કાવ્યોનો સંગ્રહ. પૃ ૭૦ કિં. ૦–૬–૦ કાર્ડ બોર્ડનું પૂઠું. ૦–૮–૦ પાકું પુઠું ૦–૧૨–૦.

રામચરિતામૃતઃ–(૧૦૦૦ લીટીમા રામાયણ) સાહિત્ય પરિષદનું પહેલા નંબરનું ઇનામી કાવ્ય પૃ૦ ૯૨ કિં. ૦–૬–૦.

મુદ્રાલેખો–સુંદર મોટા અક્ષરે ઘરમા ટાંગવા માટે છપાવેલા પાચ મુદ્રાલેખો. કિંમત દરેકનો એક આનો. ટપાલ ખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું,

સ્વદેશી વસ્તુ ભંડાર અથવા

પાટીદાર આશ્રમ –સુરત

રાષ્ટ્રીય ગ્રંથમાળાનાં

વાંચવા લાયક પુસ્તકો.

સ્વરાજ્ય-કીર્તન—જુદા કવિઓના સ્વરાજ્ય ભાવનાના ઉત્તમ ઉત્તમ ૪૩ કાવ્યોનો સંગ્રહ. ક્રાઉન સાઇઝ ૧૬ પેજી ૪૮ પાનાં. કિંમત ૦—૨—૦. ત્રણ આવૃત્તિની ૧૭ હજાર નકલ ટુંક વખતમાં ખલાસ થઇ ગઇ છે. રાષ્ટ્રીય શાળાઓ, સભાઓ અને સરઘસોમાં આમાંના કીર્તનો બહુ હોંસથી ગવાય છે.

પૂર્વ અને પશ્ચિમ.—(જોન ચાઇના મેનનાં પત્રો) અંગ્રેજી ઉપરથી મહાત્મા ગાંધીજીનું ભાષાંતર. સ્વરાજ્ય ભાવના સમજવા આ પુસ્તક ખાસ વાંચવા જેવું છે. પૃ૦ ૫૬. કિંમત ૦—૪—૦.

ટપાલ ખર્ચ દરેક માટે ૦—૦—૯ જુદું.

મળવાનું ઠેકાણું.

સ્વદેશી વસ્તુ ભંડાર અથવા

પાટીદાર આશ્રમ—સુરત.